RNI. No.GUJGUJ/2014/56392

ક્રાઈમ કિંગ
Crime King
Weekly

Editor : NIKITA R. SAXENA
(Mo) 98796 16556

✳AT.:45, KONARK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SABARMATI AHMEDABAD-380019.

✳Year : 7 ✳ Issue No. ✳Date:19.03.2021 ✳Friday ✳Page :04 ✳Rs. 01.00 ✳Annual Rs. 50/-

દરરોજ ૬૦ હજાર લોકોના ટેસ્ટિંગનો નિર્ધાર કરવામાં આવ્યો છે

રાજ્યમાં લોકડાઉન નહીં લાગે, રસીકરણ વધારીશું: મુખ્યમંત્રી રૂપાણી



ગાંધીનગર,તા.૧૮

રાજ્યમાં છેલ્લા ૧૫ દિવસથી કોરોનાના કેસો સતત અને ઝડપથી વધી રહ્યા છે, ત્યારે રાજ્યમાં લોકડાઉન આવશે કેમ તે અંગે સીએમ રુપાણી દ્વારા મહત્વનું નિવેદન આપવામાં આવ્યું છે. આજે ગાંધીનગરમાં પ્રેસ કોન્ફરન્સમાં રુપાણીએ જણાવ્યું હતું કે રાજ્યમાં લોકડાઉન નહી આવે. હોળીની ઉજવણી થવા દેવી કે કેમ તે અંગે પણ સરકાર ઝડપથી નિર્ણય લેશે તેમ તેમણે જણાવ્યું હતું.

રુપાણીએ જણાવ્યું હતું કે, ૨૦૨૦માં ગુજરાતે કોરોના સામે મોટો જંગ ખેલ્યો હતો. જોકે, ફેબ્રુઆરીમાં સમગ્ર દેશની સાથે રાજ્યમાં પણ કેસોમાં મોટો ઘટાડો થતાં લોકો એક પ્રકારે બેફિકર થઈ ગયા હતા અને કોરોનાને હળવાશથી લેવા લાગ્યા હતા. જેના કારણે નિયમોનું ચૂસ્તતાથી પાલન નહોતું થયું. જેના કારણે એક સમયે રાજ્યમાં રોજના કેસો ૩૦૦થી નીચે જતાં રહ્યાં હતાં તે હવે ૧૧૫૦ની આસપાસ આવી ગયા છે.

રસીકરણ અંગે તેમણે જણાવ્યું કે, દૈનિક ૩ લાખ લોકોનું રસીકરણ થાય તેવી સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત દરરોજ ૭ હજાર ટેસ્ટ કરવાનો લક્ષ્યાંક મુકવામાં આવ્યો છે. કોરોના દર્દીઓનું ટ્રેસિંગ અને ટેસ્ટિંગ કરાશે. દરરોજ ૬૦ હજાર લોકોના ટેસ્ટિંગનો નિર્ધાર કરવામાં આવ્યો છે. કોન્ટેક્ટ ટ્રેસિંગ સક્રિય રીતે કરાશે તેમ તેમણે જણાવ્યું હતું. સાથે જ તેમણે લોકોના સોશિયલ ડિસ્ટેંસ જાળવવાની અપીલ પણ કરી છે. રુપાણીએ કહ્યું હતું કે, રાજ્ય સરકારે ફરી કોરોના હોસ્પિટલોને કાર્યરત કરવાની તૈયારી કરી છે. આ ઉપરાંત, કોરોનાનો જેને ચેપ લાગ્યો છે તેમના સંપર્કમાં આવેલા લોકોને શોધવાની સઘન કામગીરી કરવામાં આવી રહી છે. રાજ્યમાં ટેસ્ટિંગની સંખ્યામાં પણ વધારો કરવામાં આવ્યો છે. સીએમે જણાવ્યું હતું કે, કોરોનાની ટ્રીટમેન્ટ માટે અગાઉ સરકારી અને ખાનગી હોસ્પિટલમાં અગાઉ જે વ્યવસ્થા હતી તે જ ફરી ઉભી કરાઈ રહી છે. કેસના વધારાના પ્રમાણમાં છ ગણા બેડની વ્યવસ્થા કરી દેવાઈ છે, જેથી બેડની શોર્ટેજ ના સર્જાય. ચાર મહાનગરોમાં નાઈટ કરફ્યુનું ચૂસ્ત પાલન કરવામાં આવશે તેમ કહેતા રુપાણીએ જણાવ્યું હતું કે માસ્કનો નિયમ પણ કડકાઈથી અમલી કરાવવામાં આવશે, અને કોઈપણ જગ્યાએ ભીડ ભેગી ના થાય તે સુનિશ્ચિત કરવામાં આવશે. લોકડાઉન અંગે સ્પષ્ટતા કરતા તેમણે કહ્યું હતું કે, ભૂતકાળમાં આપણે આ સ્થિતિનો સામનો કરી ચૂક્યા છીએ અને તે વખતે પણ લોકડાઉન નહોતું કરવામાં આવ્યું, જેથી હાલ લોકડાઉનનો ભય રાખવાની જરુર નથી.

રાજ્યમાં એક અઠવાડિયામાં નવા કેસ ૬૬% વધ્યા, અમદાવાદમાં ફરી હોસ્પિટલો ભરાવાનુ શરુ

અમદાવાદ,તા.૧૮

ગુજરાતમાં ૨૪ કલાકમાં મંગળવારે નોંધાયેલા ૯૫૪ કેસની સામે બુધવારે ૧,૧૨૨ નવા કેસ નોંધાયા છે, એટલે એક જ દિવસમાં ૧૮%નો ઉછાળો નોંધાયો છે. ૯૦ દિવસ પછી ગુજરાતમાં ૧૧૦૦ નવા કેસનો આંકડો ક્રોસ થયો છે. આ સાથે ગુજરાતમાં કોરોનાના કેસ નીચા આવ્યા પછી ત્રીજી વખત આંકડા ઉપર જઈ રહ્યા છે. આ સાથે દિવાળીમાં જે રીતે કેસમાં વધારો નોંધાયો હતો તેના કરતા પાંચ ગણા ઝડપથી નવા દર્દીઓની સંખ્યા વધી રહી છે.

પાછલા ૭ દિવસમાં ગુજરાતમાં કોરોનાના કેસમાં વધારો નોંધાતા ૬૬% નવા કેસ વધ્યા છે. ૧૦ માર્ચના રોજ ૬૭૫ નવા કેસ નોંધાયા હતા જ્યારે ૧૭ માર્ચે આ આંકડો ૧,૧૨૨ પર પહોંચી ગયો. જ્યારે દિવાળી પહેલાના સમયમાં આવેલા કેસના ઉછાળાની ટકાવારી ૧૩% નોંધાઈ હતી. ગુજરાતમાં રેકોર્ડ હાઈએસ્ટ કેસ ૨૭ નવેમ્બરે ૧,૬૦૭ કેસ નોંધાયા હતા. આટલા ઊંચા કેસ નોંધાયા તે પહેલા અહીં ૧,૪૨૦ કેસ નોંધાયા હતા.

ગુજરાતના મુખ્ય ચાર શહેરોમાંથી અમદાવાદ અને સુરતમાં પાછલા પખવાડિયાથી કેસની સંખ્યામાં મોટો ઉછાળો નોંધાઈ રહ્યો છે. જેમાં સુરતમાં પાછલા ૭ દિવસમાં નવા કેસમાં મોટો વધારો નોંધાયો છે, જેની ટકાવારી ૧૨૩% થાય છે. એટલે કે સુરતમાં ૧૩૧થી ૩૧૫ કેસ પહોંચ્યા છે, જ્યારે અમદાવાદમાં આ ટકાવારી ૬૪% છે, અહીં ૧૬૧ કેસથી ૨૬૪ પર આંકડો પહોંચ્યો છે.

અમદાવાદ હોસ્પિટલ અને નર્સિંગ હોમ એસોસિએશનના પ્રમુખ ડૉ. ભરત ગાંધી જણાવે છે કે, શહેરમાં ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે, અહીં ૧૦ માર્ચે ૩૦૭ દર્દીઓ હતા જે વધીને ૫૨૯ (૭૨%નો વધારો) થયા છે. તેઓ જણાવે છે કે, "૧૦ માર્ચના રોજ ૨૯ દર્દીઓ આઈસીયુમાં હતા જે સંખ્યા આજે વધીને ૭૫ થઈ ગઈ છે. કેસ વધી રહ્યા છે ત્યારે લોકોએ સાવચેતી રાખવાની જરુર છે." ડૉ. ગાંધી આગળ જણાવે છે કે, "દિવાળી દરમિયાન જે રીતે ગંભીર કેસ આવતા હતા અને મૃત્યુઆંક ઊંચો હતો હતો તેના કરતા હાલની સ્થિતિ અલગ છે.

અત્યાર સુધીમાં ૬૭ ટકા કામ પૂરું થયું હોવાનું સરકારે જણાવ્યું

અમદાવાદમાં ૨૦૨૨માં સંપૂર્ણપણે દોડતી થશે મેટ્રો, હાલ ૬૭% કામ થયું

અમદાવાદ,તા.૧૮

અમદાવાદમાં મેટ્રો રેલનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. જેને જોતાં એવી અપેક્ષા છે કે ટૂંક સમયમાં મેટ્રો રેલ શરૂ થશે. જો કે, સરકારે વિધાનસભામાં સ્પષ્ટ કર્યું છે કે, ૨૦૨૨ પહેલા મેટ્રો રેલ સંપૂર્ણપણે કાર્યરત નહીં થાય.

કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે વિધાનસભા દરમિયાન મેટ્રો રેલની કામગીરી અંગે સવાલ કર્યો હતો. જેનો લેખિત જવાબ શહેરી વિકાસ વિભાગે આપ્યો હતો. જવાબમાં જણાવાયું કે, 'અમદાવાદમાં ૬.૫ કિલોમીટરની પ્રાયોરિટી રિચ વસ્ત્રાલ ગામથી એપરલ પાર્ક સુધીની પૂર્ણ થતાં મેટ્રો સેવા શરૂ થઈ છે. જ્યારે ડિસેમ્બર ૨૦૨૦ની સ્થિતિએ બાકીના વિસ્તારોમાં ૬૭ ટકા કામ પૂર્ણ થયું છે. પ્રથમ તબક્કાની કામગીરી ૨૦૨૨ સુધીમાં પૂર્ણ થશે અને મેટ્રો રેલ સેવા ચાલુ થશે.'

વિધાનસભામાં શૈલેષ પરમારે સવાલ કર્યો હતો કે, 'અગાઉના પ્લાન મુજબ અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ૨૦૧૮માં પૂરો થવાનો હતો. ત્યારે ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં પ્રોજેક્ટની સ્થિતિ શું છે અને ક્યાં સુધીમાં પૂરો થશે?'

ત્યારે રાજ્યના મુખ્યમંત્રી અને શહેરી વિકાસ મંત્રી વિજય રૂપાણી ૬૭ ટકા કામ પૂરું થયું હોવાની અને ૨૦૨૨ સુધીમાં પ્રોજેક્ટ પૂરો થઈ જશે તેવો લેખિત જવાબ આપ્યો હતો.

અમદાવાદ અને સુરત શહેરમાં એફએસઆઈ વધારી વધુ માળ બાંધવા માટે છેલ્લા બે વર્ષમાં એકપણ દરખાસ્ત ન મળી હોવાનું શહેરી વિકાસ વિભાગ દ્વારા લેખિતમાં જણાવાયું છે. કોંગ્રેસના ધારાસભ્ય હિંમતસિંહ પટેલના સવાલના જવાબમાં શહેરી વિકાસ વિભાગે જણાવ્યું કે, ડિસેમ્બર ૨૦૨૦ની સ્થિતિએ સુરત અને અમદાવાદમાં શહેરી વિકાસ કાયદાની કલમ ૨૯-૧ હેઠળ જુદી જુદી નગર રચનામાં એફએસઆઈ વધારી વધુ માળ બાંધી શકાય તેવી કોઈ દરખાસ્ત મળી નથી.

કોરોના વાઈરસને નાથવા માટે સરકાર જેટલી જવાબદારી નાગરિકોની પણ છે ત્યારે માસ્ક પહેરીને ચાલી રહેલી આ યુવતી પોતાની જવાબદારી સારી રીતે સમજે છે.

તંત્રી સ્થાનેથી.....

બનાસકાંઠા જિલ્લામાં ઉનાળાની શરૂઆત સાથે જ વાતાવરણમાં પલટો જોવા મલ્યો છે. આજે વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ થઈ જતાં ખેડૂતો ચિંતિત બન્યા છે. જો કમોસમી માવઠું થશે તો બટાટા અને જીરાના પાકને નુકસાન થવાની શક્યતા છે. ડીસા પંથકમાં આજે વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ થઈ ગયું છે. આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાતા ખેડૂતો ફરી એકવાર ચિંતિત બન્યા છે. ખાસ કરીને ડીસા પંથકમાં આ વખતે બટાકાના ભાવ તળિયે બેસી જતા ખેડૂતોને મોટું નુકસાન થયું છે. બીજી તરફ વાદળછાયું વાતાવરણ થતા ખેડૂતોના ચહેરા પર ચિંતાના વાદળો ઘેરાવા લાગ્યા છે. ખાસ કરીને હજુ પણ ૫૦ લાખથી પણ વધુ બટાટાના કટટા ખેતરમાં પડ્યા છે. કમોસમી માવઠું થાય તો ખેતરોમાં પડેલા બટાકાને મોટું નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. બીજી તરફ આ વર્ષે જીરાનું પણ મબલક ઉત્પાદન થયું છે. માર્કેટયાર્ડમાં જીરાની આવક વધી રહી છે, તેવામાં કમોસમી માવઠું થાય તો બટાટા અને જીરાનું વાવેતર કરતા ખેડૂતોને કરોડો રૂપિયાનું નુકસાન થવાની શક્યતા છે. એક બાજુ બટાટાના પોષણક્ષમ ભાવ નથી મળી રહ્યા અને બીજી તરફ કુદરત પણ ખેડૂતોથી રૂઠી હોય તેમ લાગી રહ્યું છે. હાલ તો ખેડૂતો કમોસમી વરસાદ ન પડે તે માટે ભગવાનને પ્રાર્થના કરી રહ્યા છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ૧૯ અને ૨૦ માર્ચના કેટલાક વિસ્તારોના વાતાવરણમાં પલટો આવશે. આ સાથે કમોસમી વરસાદ પણ પડી શકે છે. થન્ડરસ્ટોર્મના કારણે પૂર્વ ગુજરાત અને દક્ષિણ પૂર્વ ગુજરાતમાંના કેટલાક વિસ્તરમાં ૪૦ કિલોમીટર ઝડપે પવન સાથે સામાન્ય વરસાદ પડવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. દાહોદ, છોટા ઉદેપુર અને નર્મદા સામાન્ય વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે.

ગોળલીમડા નજીકથી વાઘના ચામડાં સાથે પોલીસે ચારને ઝડપી પાડ્યા

અમદાવાદ,તા.૧૮

અમદાવાદ ક્રાઈમ બ્રાંચે મૃત વાઘના ચામડાનુ વેચાણ કરવા માટે ફરી રહેલા ૪ આરોપીની ધરપકડ કરી છે. આરોપીઓ ૪ મૃત વાઘના ચામડા ૨.૫૦ કરોડમા વેચવાની ફિરાકમા હતા.આરોપીની પૂછપરછમાં સામે આવ્યુ કે, આ તમામ ચામડા બે વર્ષ પહેલા કર્ણાટકથી આવ્યા હતા. જેથી પોલીસની તપાસ અન્ય રાજ્ય સુધી લંબાઈ છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની કસ્ટડીમાં આવેલા આરોપીઓની ૪ મૃત વાઘના ચામડા સાથે ધરપકડ કરવામા આવી છે. નેલેશ જાની, રણછોડ પ્રજાપતિ, અલ્પેશ ધોળકિયા અને મોહન રાઠોડ નામના આ આરોપી મૃત વાઘના ચામડા ૨.૫૦ કરોડમા વેચવાની ફિરાકમા હતા. આ લોકોને કોઈ ગ્રાહક મળે તે પહેલા પોલીસે તેમને ઝડપી લીધા છે. આરોપીની પૂછપરછ કરતા સામે આવ્યુ કે, મોહન રાઠોડ નામના આરોપીને બે વર્ષ પહેલા કર્ણાટકનો એક આરોપી વાઘનું ચામડુ વેચી ગયો હતો. જે મોટી કિમતે બજારમાં વેચવાના હતા.

ક્રાઈમ બ્રાન્ચને માહિતી મળી હતી કે, અમદાવાદમા કેટલાક લોકો વાઘના ચામડા વેચવા ફરી રહ્યા છે. જેના આધારે ૧.૫૦ કરોડમા ક્રાઈમ બ્રાંચે ખરીદી કરવાના બહાને આરોપીને બોલાવ્યા અને દબોચી લીધા હતા.

મોહન રાઠોડની પૂછપરછમા સામે આવ્યુ કે, તે રવિવારી બજારમાં એન્ટિક વસ્તુનું વેચાણ કરે છે. તેના થકી કર્ણાટકના એક શખ્શ સાથે પરિચય થયો હતો તે ઈસમ આ ચામડુ આપી ગયો હોવાની કેફિયત આરોપી જણાવી રહ્યો છે, ત્યારે આગળની વધુ તપાસ કર્ણાટક સુધી લંબાય તો નવાઈની વાત નહી.

મૃત વાઘના ચામડા મળતાની સાથે પોલીસે એફએસએલ અને વન વિભાગના અધિકારીને જાણ કરવામા આવી હતી. જેની પ્રાથમિક તપાસમા આ ચામડુ સાચું હોવાનું સામે આવ્યુ છે. જેથી હવે વાઘનો શિકાર થયો હતો કે, પછી કુદરતી મોત બાદ ચામડુ ઉતારવામાં આવ્યુ છે કે કેમ તે અંગે તપાસ હાથ ધરી છે. ત્યારે જોવુ એ રહ્યું કે, પોલીસ તપાસમા શું નવા ખુલાસા થાય છે.

અમદાવાદમાં ખાનગી હોસ્પિટલોમાં કોરોનાની સારવાર માટે પૈસા ચૂકવવા પડશે

અમદાવાદ,તા.૧૮

કોરોનાની ગુજરાતમાં એન્ટ્રીને એક વર્ષ પૂરુ થયું. જોકે, આપણે હતા ત્યાંના ત્યા જ છીએ. ગત વર્ષે ગુજરાતમાં કોરોનાનો રાફડો ફાટ્યા બાદ સરકારે ટેસ્ટીંગથી લઈને સારવાર સુધીની તમામ સુવિધાઓ આપી હતી. જેમાં અત્યાર સુધી ખાનગી હોસ્પિટલમાં વિના મૂલ્યે સારવાર આપવામાં આવતી હતી. પરંતુ એક વર્ષ બાદ સ્થિતિ સાવ બદલાઈ ગઈ છે. કોરોનાના કેસ તો વધ્યા છે, પરંતુ હવેથી અમદાવાદની ખાનગી કોવિડ હોસ્પિટલમાં કોઈ દર્દીને વિનામૂલ્યે સારવાર નહિ મળે. ખાનગી હોસ્પિટલોમાં સારવાર માટે કોરોના દર્દીઓને રૂપિયા ખર્ચવા પડશે.

અમદાવાદમાં હવે ખાનગી કોવિડ હોસ્પિટલમાં વિનામૂલ્યે સારવાર નહિ મળે. અગાઉ ખાનગી હોસ્પિટલોમાં ૫૦ ટકા બેડ કોર્પોરેશને પોતાના હસ્તક રાખ્યા હતા. જેના નાણાં એએમસી દ્વારા ચૂકવવામાં આવતા હતા. પરંતુ હવેથી ખાનગી હોસ્પિટલમાં કોરોના દર્દીને સારવાર લેવી હશે તો નાણાં ચૂકવવા પડશે. આ વિશે અમદાવાદ હોસ્પિટલ એન્ડ નર્સિંગ હોમ્સ એસોશિયેશનના ડોકટર ભરત ગઢવીએ વધુમાં કહ્યું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હવેથી ખાનગી કોવિડ હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓને નહિ મોકલે. ખાનગી હોસ્પિટલમાં કોવિડની સારવાર માટે બેડ વધારવામાં આવશે. અગાઉ ૫૦ ટકા ખાનગી હોસ્પિટલના બેડ પર એએમસી તરફથી કોરોનાના દર્દીઓને વિનામૂલ્યે સારવાર અપાતી હતી, જે હવેથી બંધ કરવામાં આવી છે. ખાનગી કોવિડ હોસ્પિટલના ૧૦૦ ટકા બેડ પર દર્દીઓને સારવાર માટે નક્કી કરાયેલો ચાર્જ ચૂકવવાનો રહેશે. જોકે, કોરોનાના દર્દીઓ પાસેથી સરકારે અગાઉ નક્કી કરેલો જ ચાર્જ વસૂલવામાં આવશે. તેમજ જો કોઈ હોસ્પિટલ બિલ મામલે કૌભાંડ કરશે તો તેની સામે અગાઉની જેમ કાર્યવાહી કરવામાં આવશે.

જાનૈયાઓ ઢોલ-નગારા સાથે એએમસી ઓફિસે પહોંચી વિરોધ નોંધાવ્યો

દાણીલીમડામાં પાર્ટી પ્લોટના અભાવનો અનોખો વિરોધ

અમદાવાદ,તા.૧૮

અમદાવાદ મહાનગરપાલિકાની દક્ષિણ ઝોન ઓફિસ ખાતે યુગલે લગ્નના જોડામાં અનોખો વિરોધ નોંધાવ્યો હતો. દાણીલીમડા વોર્ડમાં લગ્ન પ્રસંગ માટે યોગ્ય જગ્યાનો અભાવ હોવાથી મુસ્લિમ યુગલ ઢોલ અને જાનૈયાઓ સહિત એએમસી દક્ષિણ ઝોન ઓફિસ ખાતે પહોચ્યા હતા અને વિરોધ નોંધાવ્યો હતો.

દાણીલીમડા વોર્ડમાં એએમસી દ્વારા પાર્ટી પ્લોટ ફાળવવામાં આવ્યો છે પણ ૭ મહિના પછી પણ તેનું નિર્માણ કાર્ય ચાલુ કરવામાં આવ્યુ નથી. જેને કારણે દાણી લીમડા વોર્ડના યુવા કોર્પોરેટર શહેઝાદ ખાન પઠાણ એએમસી દક્ષિણ ઝોન કચેરી ખાતે જાન લઈને પહોચ્યા હતા અને ત્યા જ લગ્ન અને જમણવાર કરી અનોખો વિરોધ દર્શાવ્યો હતો.

દાણીલીમડા વોર્ડ કોંગ્રેસ સમિતી હેઠળ વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. વરરાજા-વધુ અને જાનૈયાઓ મોટા મોટા બેનર લઈને અમદાવાદ મહાનગરપાલિકાની ઓફિસમાં પહોચી ગયા હતા અને તેના પ્રાંગણમાં જ વિરોધ નોંધાવ્યો હતો. જેમાં ઓગષ્ટ ૨૦૨૦માં મુખ્યમંત્રી દ્વારા ઓનલાઈન ખાત મૂહુર્ત કાર્યક્રમ થયા પછી પણ પાર્ટી પ્લોટના કામમાં રૂકાવટ કેમ તેવા અનેક સવાલ ઉભા કરવામાં આવ્યા હતા. કોરોના સંક્રમણ ના ફેલાય તે માટે સોશિયલ ડિસ્ટસિંગ સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ હતું.

સિંધુભવન વિસ્તારમાં પરિણિતાને પાડોશી યુવકે બાથમાં ભીડી આબરુ લેવાનો પ્રયાસ કરતા ચકચાર

અમદાવાદ,તા.૧૮

અમદાવાદના અત્યંત પોશ ગણાતા બોડકદેવના સિંધુભવન વિસ્તારમાં સ્થિત એક એપાર્ટમેન્ટમાં શરમજનક ઘટના બની છે. એક પરિણીતાને તેના પાડોશમાં રહેતા યુવકે બાથમાં ભીડીને તેનાં કપડાં ફાડી પોતાના ઘરમાં ખેંચી જવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન આસપાસના લોકો ભેગા થઈ જતાં માંડ પરિણીતાએ પોતાની આબરૂ બચાવી હતી. આ શરમજનક કિસ્સો હાલ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયો છે.પ્રાપ્ત વિગતો પ્રમાણે, શહેરના સિંધુભવન વિસ્તારમાં એક એપાર્ટમેન્ટમાં રહેતી મહિલાને તેના પાડોશમાં રહેતો એક યુવક દરરોજ શારીરિક રીતે હેરાન કરતો હતો. આ પરિણીતા જ્યારે ઘરેથી બહાર જવા નીકળતી ત્યારે આ યુવક માત્ર અંડરવેર પહેરીને તેની સામે ઊભો રહી જતો હતો, જેથી પરિણીતા તેને ગણકાર્યા વિના ત્યાંથી ઝડપથી નીકળી જતી હતી. આ યુવકે પરિણીતા જ્યારે ઘરની બહાર નીકળી ત્યારે તેને અચાનક બાથમાં ભીડી લીધી હતી અને તેનાં કપડાં પણ ફાડી નાખ્યાં હતા. બાદમાં તેણે તેને પોતાના ઘરમાં ખેંચીને લઈ જવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન ચીસાચીસ થતાં આસપાસના લોકો ભેગા થઈ જતાં માંડ પરિણીતાએ પોતાની આબરૂ બચાવી હતી. સિંધુભવન પાસે આવેલા એપાર્ટમેન્ટમાં રહેતી નિશા (નામ બદલ્યું છે) વર્કિંગ વુમન છે. તે પોતાના પરિવાર સાથે રહે છે અને તેને બે બાળકો છે. નિશા વર્કિંગ વુમન હોવાથી તે પોતાના સમયે ઘરેથી નીકળે ત્યારે બાળકોને ઘરે મૂકીને જતી હતી. આ સમયે રોજ પાડોશમાં રહેતો યુવક તેની સામે અશ્લીલ ચેનચાળા કરતો હતો. એટલું જ નહીં, જ્યારે નીશા ઘરની બહાર નીકળે ત્યારે તે તેની સામે અંડરવેર પહેરીને ઊભો રહી જતો હતો, પણ જેમ તેમ કરીને નિશા આ યુવકથી બચીને ત્યાંથી જતી રહેતી હતી. જેથી આ યુવકની હિંમત વધી રહી હતી. યુવકને નિશાના પતિએ આ પ્રકારનું વર્તન નહીં કરવા માટે કહેતાં જ તે ઉશ્કેરાઈ ગયો હતો અને ધમકી આપી હતી કે તને હું ઉપરથી નીચે ફેંકી દઈશ, મારી નાખીશ, તેમ કહીને તે તેના ઘરમાં જતો રહ્યો હતો અને અંદરથી દરવાજો બંધ કરી દીધો હતો. આ સમગ્ર બાબતે નિશાએ હિંમત કરીને પોલીસને જાણ કરી હતી. પોલીસે આ અંગે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ભાવનગરમાં વિધર્મી યુવકે સગીરાને ફસાવી દુષ્કર્મ આચરી ઘરેણાં પડાવતા પોલીસ ફરિયાદ

ભાવનગર,તા.૧૮

ભાવનગર જિલ્લાનાં તળાજાના એક વિધર્મી યુવકે એક સગીરાને ફસાવી દુષ્કર્મ આચરી ઘરેણાં પડાવી લીધાની પોલીસ ફરિયાદ નોંધાતા ચકચાર મચી છે. આ યુવક સામે આરોપ છે કે તે લૉકડાઉન સમયથી સગીરાનો સ્કૂલે જવાના સમયે પીછો કરતો હતો. જે બાદમાં યુવતીને તેની કારમાં ઘરે લઈ જઈને બદકામ કર્યું હતું. એટલું જ નહીં, થોડા સમય પહેલા સગીરાને લલચાવી, ફોસલાવી ધાક-ધમકી આપી ૧૦ તોલા સોનાના ઘરેણાં પણ પડાવી લીધા હતા.

તળાજા પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ સગીરાના પિતાએ અહીંની ભવાની શેરીમાં રહેતા હુસેનઅલી નૌશાદઅલી વિરાણી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. જે પ્રમાણે ફરિયાદીની સગીર વયની દીકરી લૉકડાઉન પહેલા ધો. ૧૨માં અભ્યાસ કરતી હતી. તે સમયે આરોપી હુસેનઅલી વિરાણી તેણીનો પીછો કરતો હતો. એટલું જ નહીં તે સગીરાનાં ઘર પાસે પણ ચક્કર લગાવતો હતો. આ અંગે આસપાસનાં સ્થાનિક પાડોશીઓને પણ ખબર પડી ગઈ હતી.

ત્રણેક માસ પહેલા ફરિયાદી ધંધાર્થે બહાર ગામ ગયા હતા ત્યારે આરોપીએ સગીરાને ઈશારો કરીને બોલાવી હતી અને તેની કારમાં લઈ ગયો હતો. જેના એક કલાક બાદ તે સગીરાને પરત મૂકી ગયો હતો. આ સમયે ફરિયાદીના પાડોશી આરોપીને જોઈ ગયા હતા. આ દરમિયાન બે દિવસ પહેલા ફરિયાદીના રે તિજોરીમાં રાખેલા ઘરેણાં ન મળતા સગીરાની પૂછપરછ કરતા સમગ્ર મામલો સામે આવ્યો હતો.

સગીરાએ પરિવારજનોને આપવીતી કહી હતી કે યુવકે કારમાં લઈ જઈને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. થોડા દિવસ પહેલા લલચાવી, ધાક-ધમકી આપી અલગ અલગ સમયે ચેન-૧, પેન્ડલ-૧, કાનની બુટી-૨, કાનની સર-૨ મળી કુલ-૧૦ તોલા જેટલું સોનુ આરોપીએ સગીરા પાસે પડાવી લીધું હતું. તળાજા પોલીસના જણાવ્યા પ્રમાણે આરોપી હુસેનઅલી નૌશાદઅલી વિરાણી વિરુદ્ધ ફરિયાદ મળતા તેને નજર કેદ કરવામાં આવ્યો છે. કોરોના ટેસ્ટ બાદ તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

વડોદરામાં મશ્કરી કરનારા યુવકને સમજાવવા ગયેલા છોકરીના પિતાની હત્યા કરાઈ

વડોદરા,તા.૧૮

વડોદરા શહેરના ભુતડી ઝાપા રામદેવપીરની ચાલીમાં મોડી રાત્રે ખૂની ખેલ ખેલાયો હતો.દીકરીને મળવા માટે બોલાવનાર ચાલીના યુવાનને માતા-પિતાએ યુવાનને તેના ઘરે જઈ ઠપકો આપ્યો હતો. આથ ઉશ્કેરાયેલ બે સંતાનોના પિતા એવા યુવાને યુવતીના ઘરે જઈ યુવતીના પિતાને ચાકૂના ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધા હતા. આ બનાવના પગલે પોલીસે આરોપીની સ્થળ પરથી જ ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા શહેરના કારેલીબાગ પાણીની ટાંકીથી કારેલીબાગ પોલીસ સ્ટેશનને જોડતા માર્ગ ઉપર હાથીખાના અનાજ બજારના દરવાજા પાસે આવેલી રામદેવપીરની ચાલીમાં શેરી નંબર ૨માં રહેતા ૫૦ વર્ષી દેવજીભાઈ ભલાભાઇ સોલંકી છૂટક મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમને સંતાનમાં ૬ દીકરી અને એક દીકરો છે. જે પૈકી બે દીકરી પ્રજ્ઞાચક્ષુ છે. બુધવારે રાત્રે તેમની ૨૧ વર્ષીય દીકરી અંજલી ઘરે આવેલ મોટી મમ્મીને વિદાય આપવા બહાર નીકળી હતી. મોટી મમ્મીને ચાલી બહાર મૂકી ઘરે પરત ફરી રહી હતી. દરમિયાન ચાલીમાં જ રહેતા અને છૂટક બુટ ચપ્પલનો વ્યવસાય કરતાં અરુણ ઉર્ફ વરૂણ પટેલ નામના ૨૬ વર્ષીય યુવાને અંજલીને રોકી મળવા માટે જણાવ્યું હતું. પરંતુ અંજલીએ હું તને શા માટે મળું. તેવો જવાબ આપી ઘરે આવી ગઈ હતી. આ અંગેની જાણ માતા પિતાને કરી હતી.

યુવતીના માતા પિતા અરૂણના ઘરે જઈ ઠપકો આપી ઘરે પરત ફર્યા હતા. દરમિયાન ગણતરીની મિનિટોમાં અરૂણ આક્રોશ સાથે ચાકૂ લઈ અંજલીના ઘરે ધસી આવ્યો હતો. અંજલીના પિતા દેવજીભાઈ સોલંકી ના પેટમાં ચાકૂના ઘા મારી ફરાર થઈ ગયો હતો.

મોડી રાત્રે રામદેવપીર ચાલીમાં ખેલાયેલા ખૂની ખેલની જાણ કારેલીબાગ પોલીસને થતાં તુરત જ પોલીસ સ્થળ ઉપર દોડી ગઈ હતી. અને હત્યારા અરૂણ ઉર્ફ વરૂણ મહેન્દ્રભાઇ પટેલની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

ડ્રગ્સ કેસ:રિયા ચક્રવર્તીની જામીન અરજી ટળી, ૨૨ માર્ચે સુનાવણી

એસસીએ એનસીબીને યોગ્ય રીતે અરજી દાખલ કરવાનું કહ્યું

મુંબઈ,તા.૧૮

સુશાંત સિંહ રાજપૂત ડ્રગ્સ કેસમાં ધરપકડ કરાયેલ તથા જામીન પર છૂટેલી એક્ટ્રેસ રિયા ચક્રવર્તી વિરુદ્ધ દાખલ કરવામાં અરજીની સુનાવણી ૨૨ માર્ચ સુધી ટાળી દીધી છે. એનસીબીએ એક્ટ્રેસના જામીન રદ કરવાની માગ કરતી અરજી ગયા અઠવાડિયે સુપ્રીમમાં દાખલ કરી હતી. કોર્ટે કહ્યું, અરજીને યોગ્ય રીતે દાખલ કરવામાં આવી નથી. એનસીબીએ તેમાં સુધારા કરવાની જરૂર છે. સુનાવમી દરમિયાન ત્રણ જજોની બેંચની અધ્યક્ષતા કરતાં જસ્ટિસ એસ એ બોબડેએ કહ્યું હતું કે એનસીબીએ જામીનને સીધી રીતે પડકારવાને બદલે હાઈકોર્ટ તરફથી કહેતી અન્ય વાતોને પડકારી છે.

બોમ્બે હાઈકોર્ટના જસ્ટિસ સારંગ કોતવાલની બેંચે ૫૦ હજારના બોન્ડ પર રિયા ચક્રવર્તી, સુશાંતના કુક દીપેશ સાંવત તથા હોમ મેનેજર સેમ્યુઅલ મિરાન્ડાને જામીન આપ્યા હતા.

સુનાવણી દરમિયાન એનસીબી તરફથી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું, 'અમને ખબર છે કે સુપ્રીમ કોર્ટ જામીન કેન્સલ કરવા અંગે કોઈ વિચાર કરશે નહીં. આથી અમે આ નિર્ણયને કોર્ટમાં પડકાર્યો નહોતો, પરંતુ અમારી સમસ્યા હાઈકોર્ટ તરફથી કહેવાયેલી અન્ય વાતો પર હતી. હાઈકોર્ટે આરોપીને જામીન આપતા સમયે જે તર્ક આપ્યા હતા, તેને કારણે ડ્રગ્ઝ એક્ટ સાથે જોડાયેલા તમામ કેસ પર અસર પડશે.'

એનસીબીએ કોર્ટમાં ૧૨ હજાર પાનાની ચાર્જશીટ ફાઈલ કરી છે. કોર્ટના સૂત્રોના મતે, એનસીબીએ ૩૩ લોકોની વિરુદ્ધ ચાર્જશીટ ફાઈલ કરી છે. આ તમામ સુશાંતને સીધી રીતે ડ્રગ્સ આપતા હતા અને પ્રોક્યોરમેન્ટની સાથે સાથે ઈલિસિટ ફાયનાન્સિંગ સાથે જોડાયેલા છે.

૩૩ લોકોમાં રિયા ચક્રવર્તી, શોવિક ચક્રવર્તી, ડ્રગ પેડલર કરમજીત, આઝમ, અનુજ કેસવાણી, ડુએન ફર્નાન્ડિઝ તથા અર્જુન રામપાલની ગર્લફ્રેન્ડ પણ સામેલ છે. અર્જુનની ગર્લફ્રેન્ડના ભાઈના ઘરમાંથી ચરસ મળી આવ્યું હતું. આ વાતનો ઉલ્લેખ ચાર્જશીટમાં છે. રિયા ચક્રવર્તી તથા શોવિક પર એનડીપીએસ એક્ટ હેઠળ સેક્શન ૨૭એ તથા ૨૯ હેઠળ ચાર્જિસ લગાવવામાં આવ્યા છે. તેનો અર્થ એ છે કે તેમની પર ડ્રગ્સના પ્રોક્યોરમેન્ટ, ઈલિસિટ ફાયનાન્સિંગ તથા ટ્રેફિકિંગના ચાર્જિસ છે.

'તું વેતા વગરની છો, તારી માએ કઈ શીખવાડ્યું નથી: રાજકોટમાં પરિણીતાને સાસરિયાનો ત્રાસ

રાજકોટ,તા.૧૮

રાજકોટ શહેરમાં વધુ એક પરિણીતાએ પોતાના પતિ સાસુ-સસરા અને દિયર સામે શારીરિક-માનસિક ત્રાસ સહિતની કલમો હેઠળ ફરિયાદ નોંધાવી છે. "તું વેતા વગરની છો, તારી માએ કંઈ શીખવાડ્યું નથી," તેમ કહી સાસરિયાના લોકો ત્રાસ આપતા હોવાનું પરિણાતાએ ફરિયાદમાં જણાવ્યું છે.

રાજકોટ શહેરના મહિલા પોલીસ મથકમાં વધુ એક પરિણીતાએ પોતાના પતિ સહિતના સાસરિયાંઓ વિરુદ્ધ શારીરિક-માનસિક ત્રાસ આપતા હોવાની ફરિયાદ નોંધાવી છે.

શહેરના મોરબી રોડ ઉપર ઘનશ્યામનગરમાં રહેતા હર્ષાબેન ધર્મેશભાઈ માલણ નામની પરિણીતાએ રણુજા મંદિર સામે કૈલાશ પાર્કમાં રહેતા પતિ ધર્મેશભાઈ સાસુ મીનાબેન સસરા રમણીકભાઈ તેમજ દિયર તેજસભાઈ સામે મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં પરિણીતાએ જણાવ્યું છે કે, મારા બીજા લગ્ન ૨૨ નવેમ્બરના રોજ થયા હતા. લગ્ન થયાના ત્રણ મહિના બાદ હું પ્રેગ્નન્ટ થઈ હતી. તે સમયે મારા સાસુ કહેતા હતા કે, "તું વેતાં વગરની છો. તારી માએ તને કંઈ શીખવાડ્યું નથી. બીજી તરફ મારો પતિ કહેતો હતો કે, તું મને જરાય ગમતી નથી. મારા મમ્મીના કહેવાથી મેં લગ્ન કર્યા છે."

પરિણીતાની ફરિયાદ પ્રમાણે તેનો પતિ દારૂ પીવાની દારૂ પીવાની ટેવ ધરાવતો હતો. દારૂ પીધા બાદ તે મારપીટ કરતા હતો. એટલું જ નહીં, દારૂ પીને મહિલાને ઘર બહાર પણ કાઢી મૂકતો હતો. જે બાદમાં મહિલા આડોશ-પડોશના ઘરે જતી રહેતી હતી. મહિલાએ આક્ષેપ કર્યો છે કે, શ્રીમંત બાદ સિઝેરિયનથી દીકરાનો જન્મ થતાં તેને એક મહિનો જ માવતર રહેવા દીધી હતી. ત્યાર બાદ ફરી ત્રાસ ગુજારવાનું શરૂ કર્યું હતું.

મને જમવાનું પણ આપતા નહીં. મારા સાસુ મારા દીકરા તક્ષને લઈ જતા રહ્યા હતા. જેના કારણે મેં ૧૮૧ની ટીમને બોલાવી હતી. ત્યારબાદ મારા પતિને પણ ફોનથી બોલાવવામાં આવ્યો હતો પરંતુ તે આવ્યો ન હતો. મારા દીકરાને આપવાની ના પાડી દેતાં અંતે મારે ફરિયાદ નોંધાવવાની ફરજ પડી છે," તેમ પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું છે.

કોરોનાના કેસો વધતાં રૂપાણી સરકાર જાગી

૮ મહાનગરોમાં સ્કૂલો ૧૦ એપ્રિલ સુધી બંધ રાખવા સરકારનો આદેશ

તમામ ધોરણના વિદ્યાર્થીઓને ઓનલાઈન ભણાવવાનો સરકારે નિર્ણય કર્યો, શાળા-કોલેજોની જાહેર થયેલ પરીક્ષાઓ માર્ચને બદલે એપ્રિલમાં લેવાશે

ગાંધીનગર,તા.૧૮

ગુજરાતમાં વધી રહેલા કોરોના સંક્રમણના કારણે ફરીથી લોકડાઉનની સ્થિતિ પ્રવર્તી છે. રાજ્યના શિક્ષણ વિભાગે પણ એક મોટો નિર્ણય લીધો છે. જેમાં સરકારે સ્કૂલ અને કોલેજોમાં ઓફલાઈન શિક્ષણ બંધ કરવાનો નિર્ણય લીધો છે. આજે ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ એક પ્રેસ કોન્ફરન્સ કરીને આ જાહેરાત કરી હતી.

એટલું જ નહીં, જાહેર થયેલી પરીક્ષાઓ પણ પાછળ ઠેલાશે. શાળા-કોલેજોની જાહેર થયેલી પરીક્ષાઓ પણ પાછી ઠેલવાનો નિર્ણય લીધો છે. માર્ચને બદલે એપ્રિલમાં પરીક્ષા લેવાશે. સરકાર હવે કોરોના સંક્રમણ ઓછું થાય પછી નવેસરથી સમય પત્રક જાહેર કરશે. ૧૦ એપ્રિલ સુધી ઓનલાઈન શિક્ષણકાર્ય બંધ રહેશે. હવે તમામ ધોરણના વિદ્યાર્થીઓને ઓનલાઈન ભણાવવામાં આવશે. આ અંગે કોર કમિટીની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો.

રાજ્યના તમામ ૮ મનપામાં પ્રાથમિક માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાઓમા શિક્ષણ કાર્ય કાલથી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ જ પ્રમાણે શાળાઓમાં રાજ્યના ૮ મહાનગરોમાં તમામ પ્રાથમિક, માધ્યમિક, ઉ.માં આવતીકાલેથી શિક્ષણ કાર્ય બંધ રખાશે. એજ પ્રમાણે શાળાઓમાં રાજ્યના ૮ મહાનગરો માં તમામ પ્રાથમિક માધ્યમિક ઉ.માં ઓનલાઈન શિક્ષણ આપવામાં આવશે.

પરંતુ ૮ મહાગરપાલાકા સિવાય તમામ વિસ્તારોમાં માધ્યમિક ,ઉચ્ચતર માદ્યમક શાળામા સ્વૈચ્છિક રીતે આવવા માંગનાર વિદ્યાર્થી માટે ઓફલાઈન શિક્ષણ ચાલશે. અને પરીક્ષા ઓફલાઈન ચાલુ રહેશે. આમ, ૮ મહાનગરપાલિકા સિવાયના વિસ્તારોમા વિદ્યાર્થીઓને વિકલ્પ અપાયો છે. ૮ મહાનગરોને બાદ કરતા નાના શહેરોમાં પરીક્ષા યથાવત રહેશે.

ગત વર્ષે સ્કૂલ-કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક કાર્ય ૧૬ માર્ચથી બંધ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ જાન્યુઆરીથી ફેબ્રુઆરી દરમિયાન તબક્કાવાર ધોરણ ૬થી ૧૨ની સ્કૂલો અને કોલેજો ખોલવામાં આવી હતી, પરંતુ એક વર્ષમાં જ કોરોનીની સ્થિતિ ત્યાંની ત્યાં જ આવી જતાં ૧૮ માર્ચે ચાર મહાનગરોમાં ફરી સ્કૂલ-કોલેજો બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જૂના વાહનોને લઈ સંસદમાં મોટી જાહેરાત, નવા વ્હીકલ પર મળશે ડિસ્કાઉન્ટ

કેન્દ્રીય મંત્રી ગડકરીએ લોકસભામાં વ્હીકલ સ્ક્રેપ નીતિની જાહેરાત કરી

ન્યુ દિલ્હી,તા.૧૮

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ ગુરુવારે લોકસભામાં વ્હીકલ સ્ક્રેપ નીતિની જાહેરાત કરી. આ અંતર્ગત સરકાર હવે જુના વાહનોના સ્ક્રેપના બદલે નવા વાહનો ખરીદવા પર ગ્રાહકોને છૂટ આપવાની જોગવાઈ કરી રહી છે. ગડકરીએ જણાવ્યું કે આ પોલિસી હેઠળ જો કોઈ વ્યક્તિ પોતાનું જૂનું વાહન સ્ક્રેપિંગ (ભંગારમાં) માટે આપે છે, તો નવા વાહનની ખરીદી પર તેને ૫ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

આ નીતિની ઘોષણા કરતા ગડકરીએ જણાવ્યું કે તેનાથી લોકોને નવા વાહનો ખરીદવામાં સરળતા થશે. સાથે જ સ્ક્રેપ સેન્ટરો, ઓટો ઈન્ડસ્ટ્રી અને વાહનના પાર્ટથી સંબંધિત ઉદ્યોગોને પણ નીતિનો લાભ મળશે. આંકડા રજૂ કરતાં ગડકરીએ જણાવ્યું હતું કે દેશમાં હાલ ૨૦ વર્ષ કરતા જુના ૫૧ લાખ વાહનો છે. આ ઉપરાંત, ૧૫ વર્ષથી વધુ જૂના ૩૪ લાખ વાહનો છે. આ ઉપરાંત ફિટનેસ સર્ટિફિકેટ વગરના ૧૫ વર્ષથી વધુ જૂના ૧૭ લાખ વાહનો છે. ફિટ વાહનોની સરખામણીમાં જૂના વાહન ૧૦-૧૨ ગણો વધુ પ્રદૂષણ ફેલાવે છે અને તે માર્ગ સલામતી માટે જોખમરૂપ છે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે વાણિજ્ય વાહનો ૧૫ વર્ષ પછી અને ૨૦ વર્ષી જૂના ખાનગી વાહનો સ્વ-ડિ-રજિસ્ટર કરી દેવામાં આવશે. કેન્દ્ર, રાજ્ય, મ્યુનિસિપલ, પંચાયત, પીએસયુ અને સ્વાયત્ત સંસ્થાઓના વાહન ૧૫ વર્ષ પછી ડી-રજિસ્ટર થઈ જશે. સાથે જ તેને ભંગારમાં ફેરવી પણ દેવામાં આવશે.

માણસા-વિજાપુર રોડ પરથી ગાંધીનગર એલસીબીએ બાઈક ચોરને ઝડપી લીધો

ગાંધીનગર,તા.૧૮

મહેસાણા જિલ્લાના કડી પોલીસ મથકની હદમાંથી ચોરી થયેલા બાઈક સંદર્ભે ગાંધીનગર એલસીબી દ્વારા માણસા વિજાપુર ત્રણ રસ્તા પાસેથી ૨૫ વર્ષીય બાઈક ચોરને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લામાં વાહન ચોરીના બનાવો પર અંકુશ મેળવવા માટે જિલ્લા પોલીસ વડા દ્વારા કડક હાથે કામગીરી કરવા સૂચનાઓ આપવામાં આવેલી છે. જેના પગલે એલસીબીના પીએસઆઈ ડી.એસ.રાઓલ સ્ટાફના માણસો સાથે પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ અનુપસિંહને મળેલી ચોક્કસ બાતમીના આધારે માણસા વિજાપુર ત્રણ રસ્તા પરથી બાઈક લઈને પસાર થતા યુવકને ઝડપી લેવામાં આવ્યો હતો.

આ અંગે એલસીબીના ઈન્સ્પેક્ટર હરપાલસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે મહેસાણાના કડી તાલુકાના નાની કડી રબારી વાસમાં રહેતા ૨૫ વર્ષીય કીર્તિ ઠાકોરને ચોરીના બાઈક સાથે ઉપરોક્ત ઘરેથી ઝડપી લેવામાં આવ્યો હતો. જેની કડકાઈથી પૂછતાછ કરતા તેણે બે દિવસ અગાઉ રાત્રિના સમયે કડી એસ.વી સ્કૂલ નજીકમાં આવેલ બાલાજી રેસીડેન્સીના એક મકાન આગળથી બાઈક ચોરી હોવાની કબૂલાત કરી હતી. જેના પગલે એન્જિન અને ચેસીસ નંબરના આધારે પોકેટ કોપ સોફ્ટવેરથી વધુ તપાસ કરતા ઉપરોક્ત બાઈકની ચોરી અંગે મહેસાણાના કડી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હોવાનું વધુમાં જાણવા મળ્યું હતું. જેના પગલે બાઈકની કિંમત ૨૦ હજાર આંકીને મૂળ અમદાવાદના દેત્રોજ ગેલડા ગામના કીર્તિ ઠાકોરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

સાવલીના પીલોલ ગામે પ્રેમી પંખીડાઓએ કર્યો આપઘાત

સાવલી,તા.૧૮

સાવલી તાલુકાના પીલોલ ગામે બે પ્રેમી પંખીડાઓએ ગામની સીમમાં લીમડાના ઝાડ પર લટકીને દોરડા વડે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી જવા પામી છે. સાવલી પોલીસે ઘટના સ્થળે પહોંચી મૃતદેહનો કબજો લઈ પી.એમ કરાવવા તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, સાવલી તાલુકાના પીલોલ ગામની સીમમાં લીમડાના ઝાડ પર દોરી વડે ગળેફાંસો ખાઈ બે પ્રેમી પંખીડાઓએ જીવન ટૂંકાવી લીધું હતું બનાવના પગલે ભારે ચર્ચા જાગી હતી અને લોકના ટોળા ઉમટી પડ્યા હતા બનાવના પગલે સાવલી પોલીસને જાણ કરાતા સાવલી પોલીસના જવાનોએ ઘટનાસ્થળે પહોંચી સ્થળ સ્થિતિનું નિરીક્ષણ કરતા મૃતકોની બાજુમાં ઝેરી દવાની બોટલ પડેલી હોવાનું પ્રાથમિક તપાસમાં જણાઈ આવ્યું હતું. આમ બંને પ્રેમી પંખીડાઓએ પ્રથમ ઝેરી દવા ગટગટાવી ત્યારબાદ ફાંસો ખાધો હોય એવું તેવું પોલીસે પ્રાથમિક અનુમાન લગાવ્યું છે સાથે સાથે બન્નેની ઓળખ કરાતાં મૃતક કેતન કનુભાઈ પરમાર ઉંમર વર્ષ આશરે ૩૫ રહે.પીલોલ બ્રાહ્મણ ફળિયું તાલુકો સાવલી તેમજ મનિષાબેન પરમાર ઉંમર વર્ષ ૨૨ રહે ઈંટોલી ગામ જરોદ પાસે જીલ્લો વડોદરા હોવાનું બહાર આવ્યું હતું.

પીલોલ પંથકમાં પ્રેમી પંખીડાઓએ અકાળે જીવન લીલા સંકેલી લેતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે અને લોકમુખે એવી ચર્ચાએ પણ જોર પકડ્યું છે કે મરનાર પ્રેમીપંખીડાઓ સાથે જીવી ન શકતા હોવાના કારણે સાથે મરવાનું પસંદ કર્યું છે જ્યારે બીજી બાજુ સાવલી પોલીસે બન્ને મૃતદેહોનો કબજો લઈ સાવલી જન્મોત્રી સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પી.એમ કરાવી મોતનું ચોક્કસ કારણ શોધવા તજવીજ હાથ ધરી છે હાલ સાવલી પોલીસે અકસ્માત મોત રજીસ્ટર કરી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદ જિ.પં.ના પ્રમુખ તરીકે પારુલ પઢારની નિમણૂંક

અમદાવાદ,તા.૧૮

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં અમદાવાદ જિલ્લા પંચાયતમાં ભાજપની જીત થઈ છે. જિલ્લા પંચાયતમાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી માટે આજે સવારે લાલદરવાજા જિલ્લા પંચાયતમાં સરદાર પટેલ હોલ ખાતે અમદાવાદ કલેક્ટર સંદીપ સાગલેની અધ્યક્ષતામાં પહેલી સામાન્ય સભા મળી હતી. સામાન્ય સભામાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણીની કાર્યવાહી પહેલા શરૂ કરવામાં આવી હતી. પ્રમુખ પદ માટે ભાજપ તરફથી કોઈ જીઝ મહિલા ઉમેદવાર જીતેલા ન હોવાથી બિનહરીફ રીતે શાહપુર બેઠક પરથી ચૂંટાયેલા કોંગ્રેસના મહિલા ઉમેદવાર પારુલ પઢારને પ્રમુખ તરીકે કલેક્ટર સંદીપ સાગલે દ્વારા જાહેર કરવામાં આવ્યા હતાં. ઉપપ્રમુખ માટે બે ફોર્મ આવ્યા હોવાથી ચૂંટણી યોજાઈ હતી. જેમાં કોંગ્રેસના પ્રભાતસિંહ મકવાણાને ચાર સભ્યોના જ મત મળ્યા હતા જ્યારે નાનોદરા બેઠક પરથી ચૂંટાયેલા ભાજપના રમેશ મકવાણા માટે ૩૦ જેટલાં સભ્યોના મત મળતાં ભાજપના રમેશ મકવાણા ઉપપ્રમુખ બન્યા હતા.

Printer/Publisher/Owner & Editor :NIKITA R. SAXENA •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28, GANDHINAGAR, GUJARAT- 382028
•Published at - 45, KONARK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SABARMATI AHMEDABAD-380019.